# વાયબ્રન્ટ પછી હવે બજેટ સત્ર પૂર્વે વહીવટી ફેરફારો નિશ્ચિત

## રાજનાથનો નિર્દેશ કામ કરી ગયો તો સમજો, આપણે હોસ્ટ નહીં ગેસ્ટ

વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ પૂર્ણ થઈ છે. ગુજરાતની સાતમી અને શાયદ ગ્લોબલી આખરી આ સમિટમાં ૨૫ લાખ કરોડના રેકોર્ડબ્રેક ઈન્વેસ્ટમેન્ટનો દાવો કરવામાં આવ્યો છે, જો તે શક્ય બને તો વિચાર કરો કે કેટલી રોજગારી ઉત્પન્ન થશે. ગુજરાતના વાયબ્રન્ટનું હવે ઈન્ડિયાને વાયબ્રન્ટ બનાવશે. તેમનો ઈશારો ગુજરાતની વાયબ્રન્ટ સમિટને નેશનલ ફલક ઉપર લઈ જવાનો હોય તેવું લાગ્યું હતું, જો કે તેનો ઈન્કાર પણ થઈ શકે તેમ નથી, કેમ કે -ત્યેક વાયબ્રન્ટ સમિટ વખતે નરેન્દ્ર મોદી એવું કહેતા હોય છે કે આપણે બે વર્ષ પછી ફરીથી આ જગ્યાએ મળીશું. આ વખતે મોદી કે આનંદીબેન બન્નેમાંથી કોઈએ આવું વાક્ય વાપર્યુ

### પ્રમોશનની મોસમ : એસીએસ, પીએ અને સેક્રેટરીના પ્રમોશન ડયુ છે

### રાજ્યની વાર્ષિક યોજનાના કદમાં ૨૦ ટકાનો વધારો થવાની સંભાવના

જેટલા લાખનો આંકડો છે તેટલા બેરોજગારોને જોબ મળી શકે છે. હવે કોર્પોરેટ વાયબ્રન્સી પૂર્ણ થઈ છે અને વહીવટી વાયબ્રન્સી શરૂ થઈ રહી છે. સચિવાલયમાં -મોશન અને બદલીઓની ફાઈલો તૈયાર થઈ રહી છે. જિલ્લાકક્ષાના અધિકારીઓની સાથે સરકારના વિવિધ વિભાગોમાં મોટાપાયે ફેરફારો આવી રહ્યા છે. ફેબ્રુઆરી મહિનામાં બજેટસત્ર શરૂ થતું હોઈ આ ફેરફારો ચાલુ મહિનામાં નિશ્ચિત મનાય છે...

**ટાઈમ લાઈન**
**- ગૌતમ પુરોહિત**

નથી, એટલે શક્યતા પ્રબળ બની છે...

**ઉદ્યોગ વિભાગમાં ફેરફારોની સંભાવના ...**

વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં ક્યા ઓફિસરે કેટલું કામ કર્યુ છે, કોણે માત્ર ઉજાગરા કર્યા છે અને કોણે મૂડીરોકાણ લાવવા મદદ કરી છે તેનું સરવૈયુ કાઢવામાં આવી રહ્યું છે. ખાસ કરીને ઉદ્યોગ વિભાગ અને તેની સાથે સંલગ્ન બોર્ડ-કોર્પોરેશનમાં મોટાપાયે



**વાયબ્રન્ટ ઇન્ડિયામાં ગુજરાત મહેમાન ...**

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહનો નિર્દેશ કામ કરી ગયો તો હવે પછીની ગ્લોબલ વાયબ્રન્ટ સમિટનું યજમાનપદ ભારત સરકારને મળી શકે છે. તેમણે વાયબ્રન્ટ સમિટના સમાપન -સંગે કહ્યું હતું કે ફેરફારો તોળાઈ રહ્યા છે. નેતાઓના માનિતા ઓફિસરોને પ્રાઈમ પોસ્ટીંગ અને અણમાનિતા ઓફિસરોને સાઈડ પોસ્ટીંગની તૈયારીઓ થઈ રહી છે. વહીવટી પાંખમાં ઈન્ડસ્ટ્રીઝ એક એવું ડિપાર્ટમેન્ટ

● અનુસંધાન પાન-૭ પર

# મહાત્મા મંદિરનો કેબલ સ્ટેઈડ બ્રિજ જૂન મહીનામાં તૈયાર થશે

## દાંડીકુટીરથી કન્વેશન સેન્ટરને જોડતા બ્રિજના નિર્માણ પાછળ ૪૦ કરોડનો ખર્ચ : પેડેસ્ટ્રીયન બ્રિજથી 'ખ' માર્ગ પણ ક્રોસ થઈ શકશે

ગાંધીનગર, તા. ૧૮

મહાત્મા મંદિરની કાર્યયોજના અન્વયે સોલ્ટ માઉન્ટનું ઉદ્દ્ઘાટન કરાયા બાદ હાલ કેબલ સ્ટેઈડ બ્રિજ બાંધવાનું કામ ગતિ હેઠળ છે. દાંડી કુટીરથી કન્વેન્શન સેન્ટરને જોડતો આ બ્રિજ આગામી જૂન મહીના સુધીમાં તૈયાર કરી દેવાશે. બ્રિજના નિર્માણ પાછળ અંદાજિત રૂ. ૪૦ કરોડનો ખર્ચ થશે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કની મહત્વકાંક્ષી યોજનાનું કામ પૂર્ણ કરી દેવાયું છે. ગ-૪ થી ચ-૪ વિસ્તારમાં અસ્તિત્વમાં આવેલા આ ડ્રીમ પ્રોજેક્ટના લીધે નગરની આગવી ઓળખ ઉભી થઈ છે. આ ઉપરાંત ગ-૪ થી ખ-૪ વચ્ચેના વિસ્તારમાં નિર્માણ કરાયેલા મહાત્મા મંદિર પણ શહેરની પહેચાન બની ગયું છે. વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૫નું આયોજન પણ મહાત્મા મંદિરમાં કરવામાં આવ્યું હતું. મહાત્મા મંદિરની કાર્યયોજનાને અનુલક્ષી ભવ્ય સોલ્ટ માઉન્ટ અને મ્યુઝિયમ પણ તૈયાર કરવામાં આવ્યું છે. જેનુ ઉદ્દ્ઘાટન પણ સમિટ પૂર્વે કરવામાં આવ્યું હતું. જ્યારે મહાત્મા મંદિરને અનુલક્ષી આ વિસ્તારમાં ફૂડકોર્ટ તેમજ સ્લોપીંગ ગાર્ડન સહીતના આકર્ષણો પણ ઉભા કરવામાં આવ્યા છે. સોલ્ટમાઉન્ટ અને મ્યુઝિયમની કામગીરી પૂર્ણ થયા બાદ હાલ દાંડીકુટીરથી કન્વેન્શન સેન્ટરને જોડતો કેબલ સ્ટેઈડ બ્રિજ તૈયાર કરવામાં આવી રહ્યો છે. જેના લીધે 'ખ' માર્ગ પણ આ બ્રિજના આધારે ક્રોસ કરી શકાશે. મુલાકાતીઓ માટે તૈયાર થતા પેડેસ્ટ્રેયીન બ્રિજનું કામ પૂર્ણ થતા હજુ ૬ મહીનાનો સમય લાગશે.

# દિવસ દરમ્યાન ફુંકાતો પવન અને ઠાર વસાહતીઓને ધ્રુજાવી રહ્યો છે

ગાંધીનગર, તા. ૧૮

જાન્યુઆરી માસમાં પડી રહેલી ઠંડી ખરા અર્થમાં



(તસવીર : કશ્યપ નિમાવત)

વસાહતીઓને ધ્રુજાવી રહી છે. લઘુત્તમ તાપમાન બહુ નીચુ નથી પરંતુ વાતાવરણમાં રહેલુ ભેજનું ઉંચુ પ્રમાણ અને સતત ફુંકાતા પવનોના કારણે વસાહતીઓ ઠંડીમાં ઠરી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી લઘુત્તમ તાપમાન ૮ થી ૧૨ ડિગ્રીની વચ્ચે રહ્યું છે. જો કે ભેજનું પ્રમાણ ઉંચુ રહેતા ઠારનો અનુભવ વધુ થાય છે.

રવિવારે લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી રહ્યુ હતુ. જો કે સવારે ભેજનું પ્રમાણ ૮૩ ટકા જેટલુ ઉંચુ નોંધાતા વસાહતીઓ ઠરી ગયા હતા. વળી દિવસ દરમ્યાન પવનની ગતિ પણ ખુબ રહે છે. જેના કારણે દિવસ દરમ્યાન પણ ગરમ વસ્ત્રો પહેરીને ફરવુ પડે છે. એટલુ જ નહી ઘરના બારી-બારણા પણ ખુલ્લા રાખી શકાતા નથી. રવિવારે મહત્તમ તાપમાન ૨૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૧૦ ડિ.સે. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૮૩ ટકા અને સાંજે ૩૮ ટકા રહ્યું હતું.

# કર ભલા... હોગા ભલા...ની ભાવના સાથે નગરની સરકારી શાળાઓને પરિણામલક્ષી બનાવવાનો ધ્યેય : વલ્લભભાઈ પટેલ

## સરકાર અને ટ્રસ્ટ સાથે મળી શિક્ષણક્ષેત્રે ઉજ્જવળ રાહ કંડારશે : સરકારી શાળાના વિદ્યાર્થીઓ માટે વોકેશન ટ્રેનિંગ સેન્ટર પણ સ્થપાશે

ગાંધીનગર, તા. ૧૮

કર ભલા હોગા ભલા... વી.આર. ફોર માસીસ... નોટ ફોર ક્લાસીસ.... જેવા મક્કમ



વિચારોને ફળીભૂત કરવાના ઉમદા આશય સાથે કાર્યરત કરી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ હવે મફત શિક્ષણ પુરૂ પાડવાની દિશામાં આગળ વધી રહ્યું છે. નગરની સરકારી શાળાઓમાં અભ્યાસઅર્થે આવતા અંદાજિત ૧૦૭૫ જેટલા વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનુ કામ સરકાર અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સાથે મળીને કરશે. નગરની વિવિધ ૬ સરકારી શાળાઓના સંચાલનની જવાબદારી સ્વીકારી મંડળે ગુણવત્તાયુક્ત અને પરિણામલક્ષી શિક્ષણની રાહ કંડારવાનો આત્મવિશ્વાસ કેળવણી મંડળના ચેરમેન સરદાર વલ્લભભાઈ પટેલે વ્યક્ત કર્યો છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન સરદાર પટેલે જણાવ્યું હતું કે સમાજના વિવિધ વર્ગના વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષણ પુરૂ પાડવાનુ કામ મંડળ દ્વારા ૯૫ વર્ષથી ચાલી રહ્યું છે. પૂ. છનગભાની કરભલા હોગાભલાની ઉમદા ભાવના સાથે 'સર્વ'ને વિદ્યાનો અભિગમ અપનાવાયો છે. સ્વ. માણેકલાલ પટેલે પણ 'વી આર ફોર માસીસ નોટ ફોર ક્લીસીસની વાત સાર્થક કરી નગરના શિક્ષણ જગતને અનોખી ઉંચાઈ આપી છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વિચારોને ફળીભુત કરવા સરકારી શાળાઓના વિદ્યાર્થીઓને વિનામુલ્યે શિક્ષણ આપવાના ધ્યેય સાથે સંસ્થાએ નવી દિશામાં ડગ માંડ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, સંસ્થા દ્વારા સરકારના વર્ષ ૨૦૦૯ના પરિપત્રના આધારે નગરની સરકારી શાળાઓનું સંચાલન સોંપવા રજુઆત કરવામાં આવી હતી. વિચારણા અને શરતોને આધિન સ્વરૂપે સંસ્થાની રજુઆત સ્વીકારી સરકારી શાળાઓના પરિણામની ટકાવારીમાં સુધાર લાવવાની નેમ સાથે અમે આ જવાબદારી સ્વીકારી છે. તમામ શાળાઓની બિલ્ડીંગ નામ જમીન,

● અનુસંધાન પાન-૭ પર

### પરિણામલક્ષી આયોજન અન્વયે ફોર કમિટીની રચના કરાઈ

નગરની ૬ સરકારી શાળાઓના સંચાલનની જવાબદારી કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળને સોંપવામાં આવી છે ત્યારે કેળવણી મંડળ દ્વારા પણ શાળાઓની દેખરેખ અને પરિણામલક્ષી આયોજનને સાકાર કરવા ફોર કમિટી બનાવી છે જેમાં સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર - બી.એડ. કોલેજના પૂર્વ આચાર્ય, સેકન્ડરી હાયર સેકન્ડરી સ્કૂલના ભૂતપૂર્વ આચાર્ય તેમજ એજ્યુકેશન વિભાગના ડીનનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સંસ્થા દ્વારા પોતાના અન્ય રીસોર્સનો ઉપયોગ પણ કરવામાં આવશે.

**- વલ્લભભાઈ પટેલ 'સરદાર'**
**ચેરમેન કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ**

### સરકારી શાળાના વિદ્યાર્થીઓ પાસેથી ફી લેવાની બાબત ઉપસ્થિત જ થતી નથી

સરકારી શાળાના બાળકો ગુણવત્તાસભર શિક્ષણ આપવા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે તથા શાળાના પરિણામો ઉંચા લાવવા માટે અમે ભારે મહેનત કરશું. સરકારી શાળાના વિદ્યાર્થીઓ પાસેથી કોઈપણ પ્રકારની ફી સર્વવિદ્યાલય કેળવણી મંડળે લેવાની નથી. માત્ર શિક્ષણ વ્યવસ્થાપન દ્વારા ગાંધીનગરની સરકારી શાળાઓમાં શૈક્ષણિક ધોરણો ઉંચા આવે તે માટેના પ્રયાસના ભાગરૂપે રાજ્ય સરકાર સોંપેલી જવાબદારી અમે સ્વીકારી છે જે ત્રણ વર્ષમાં પરિણામલક્ષી બનાવવા કટિબદ્ધ છીએ. અમારે કોઈ મિલ્કત, કોઈ નામ સાથે જોડાણ નથી. સરકારી શાળાના ધારા-ધોરણ મુજબ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ આપીશું જેથી ફીના મામલે નિવેદનો અને અહેવાલો જે રીતે આવે છે તે સત્યથી વેગળા છે.

-વલ્લભભાઈ પટેલ

# આર્ટ ઓફ લીવીંગના શ્રી શ્રી રવિશંકર ગાંધીનગર પધારશે



આર્ટ ઓફ લીવીંગના વડા શ્રી શ્રી રવિશંકર આગામી તા. ૨જી માર્ચના રોજ ગાંધીનગર પધારી રહ્યા છે. તેમના ભવ્ય સ્વાગતની તૈયારીઓમાં સાધકો અત્યારથી લાગી ગયા છે.

શ્રી શ્રી રવિશંકરના ગાંધીનગર આગમનને પગલે સમગ્ર ગુજરાતના તેમના સાધકોમાં અનેરો ઉત્સાહ ફેલાયો છે. તેઓ અહીં રૂદ્ર પૂજા કરાવશે. અંદાજે દસ હજારથી વધુ સાધકો તેઓના કાર્યક્રમમાં જોડાશે તેવો અંદાજ છે.

# રાજ્યભરમાં તાલુકા શિક્ષણાધિકારીની જગ્યાઓ નિયમોના અભાવે હજુ ભરાતી નથી

ગાંધીનગર, તા.૧૮

ભરતી નિયમો આખરી નહી થવાને કારણે તાલુકા પ્રાયમરી એજ્યુકેશન ઓફિસરની બધી જ જગ્યાઓ ખાલી હોવાની ચોંકાવનારી વિગતો ગુણોત્સવ કાર્યક્રમ દરમિયાન બહાર આવવા પામી છે.

શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયમાં તાજેતરમાં જ પ્રાથમિક શાળાઓમાં આપવામાં આવતા શિક્ષણની ગુણવત્તા ચકાસવા અને મુલ્યાંકન કરવા માટે ગુણોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ ગુણોત્સવ કાર્યક્રમ બાદ રાજય સરકાર દ્વારા આ કાર્યક્રમની સફળતા અંગે એક સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી જેમાં ઉપસ્થિત અધિકારીઓને ગુણોત્સવ કાર્યક્રમ દરમિયાન થયેલા અનુભવો સંદર્ભે

● અનુસંધાન પાન-૭ પર

# કર્મયોગી ભવન વર્ષથી તૈયાર પણ હજુ 'કર્મયોગ' શરૂ થયો નથી

## ભવનની લોકાર્પણ વિધિના ૧ વર્ષ બાદ પણ હાલ માત્ર એક જ કચેરી ભવનમાં સીફ્ટ થઈ છે

ગાંધીનગર, તા. ૧૮

કર્મયોગી ભવનના બે ભવ્ય બિલ્ડીંગનું લોકાર્પણ એક વર્ષ પૂર્વે કરવામાં આવ્યું હતું. રૂ. ૮૦ કરોડના સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. ૪૮ હજાર ચો.મી.ની જગ્યામાં ઉભા કરાયેલા આ બિલ્ડીંગમાં હાલની સ્થિતિએ માત્ર એક જ કચેરીનું સ્થળાંતર થયું છે. ગત તા.




(તસવીર : કશ્યપ નિમાવત)

તોતિંગ ખર્ચે નિર્માણ કરાયેલા આ ભવનમાં હજુ 'કર્મયોગ' શરૂ થયો નથી. અલબત્ત લાંબા સમયના અંતે પણ બિલ્ડીંગમાં માત્ર માહિતી કમિશનરની કચેરી જ કાર્યરત થઈ છે.

સરકારના વિવિધ વિભાગોને અલાયદી અને આધુનિક કચેરી ઉપલબ્ધ થાય તે માટે જરૂરિયાતને ધ્યાને લઈ સે. ૧૦માં કર્મયોગી ભવન બાંધવામાં આવ્યું છે. કર્મયોગી ભવનના ૭ મજલાના બે બિલ્ડીંગના નિર્માણ પાછળ અંદાજિત રૂ. ૮૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. કર્મયોગી ભવનને અનુલક્ષી ફાયરસેફટી, લીફટ, ગાર્ડન ઉપરાંત બેઝમેન્ટ પાર્કીંગ સહીતની જરૂરી ૧૮ ફએબ્રુઆરી વર્ષ ૨૦૧૪ના રોજ મુખ્યમંત્રીના હસ્તે આ બિલ્ડીંગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. હાલ આ બિલ્ડીંગમાં માહિતી કમિશનરની કચેરી કાર્યરત છે. જ્યારે લાંબા સમયના અંતે પણ બિલ્ડીંગ ખાલીખમ જોવા મળી રહ્યું છે. આગામી નજીકના દિવસોમાં માનવ અધિકારની કચેરી પણ અહીં કાર્યરત થશે. હાલમાં બિલ્ડીંગમાં વિવિધ કચેરીઓની જરૂરીયાત પ્રમાણે મોડ્યુલર ફર્નિચર બનાવવાનું કામ પણ હાથ ધરાયું છે. પરંતુ કર્મયોગીઓ માટે કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલા નવનિર્મિત બિલ્ડીંગમાં અન્ય કચેરીઓ લાંબા સમયના અંતે પણ શરૂ ન થતા ખાલીપો વર્તાય છે.

# નગરપાલિકાની જમીન, મકાનો, દુકાનો ભાડાપટ્ટે કે વેચાણથી આપવાની પદ્ધતિમાં ફેરફાર કરાયો

## નગરપાલિકા વિસ્તારમાં શોપીંગ સેન્ટરો બનાવી હરાજીથી ભાડાપટ્ટે આપી વધારાતી આવક અંગે પણ મૂલ્યાંકન કરવાનું ઠરાવાયું છે

ગાંધીનગર, તા. ૧૮

રાજયની નગરપાલિકા વિસ્તારોમાં નગરપાલિકાની જમીન મકાનો, દુકાનો, શોપીંગ ભાડા પેટે કે વેચાણથી આપવા માટેની વર્તમાન પદ્ધતિમાં રાજ્ય સરકારે સુધારો કરીને મૂલ્યાંકન સમિતીની રચના કરી છે. અને નવી સૂચનાઓનો અમલ કરવાનો નિર્ણય કર્યો છે.

નગરપાલિકા દ્વારા જમીનની તબદીલી ઉપરાંત આવકના સાધનો વધારવા માટે શોપીંગ સેન્ટર બનાવવામાં આવે છે. જેની દુકાનો હરાજીથી ભાડાપેટે આપવામાં આવે છે. તેનું મૂલ્યાંકન કરવું પણ આવશ્યક છે. હાલની સૂચનાઓ મુજબ વિભાગને રજુ થતી દરખાસ્તોમાં મૂલ્યાંકન ખાતા દ્વારા અથવા કલેકટરના અધ્યક્ષપદે મૂલ્યાંકન સમિતિની બેઠકમાં જમીનનું મૂલ્યાંકન નક્કી કરવામાં આવે છે. આમ હાલની પદ્ધતિમાં એક સૂત્રતા ન હોવાને કારણે આ પદ્ધતિમાં ફેરફારો કરવામાં આવ્યા છે.

નગરપાલિકાની માલિકીની જે જમીન વેચાણ ભાડાપેટે કે અન્ય કોઈ રીતે તબદીલીથી આપવાની હોય તેના માટે જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે એક જિલ્લા કક્ષાની મૂલ્યાંકન સમિતિ રહેશે. આ સમિતિમાં પ્રાંત અધિકારી, સંબંધિત જિલ્લા નગર નિયોજક કાર્યપાલક ઈજનેર (મા.-ખ વિભાગ) સભ્ય રહેશે અને નગરપાલિકાના મુખ્ય અધિકારી સભ્ય સચિવ રહેશે.

જિલ્લા મૂલ્યાંકન સમિતી દ્વારા જમીનના મૂલ્યાંકન અંગે નિર્ણય લેતી વખતે નગર નિયોજકે નક્કી કરેલ મૂલ્યાંકન ધ્યાને લેવાનું રહેશે. જિલ્લા મૂલ્યાંકન સમિતિએ બેઠકની કાર્યવાહી નોંધ સાથે ધ્યાને લીધેલ વેચાણ વ્યવહારો અને આકારણી શીટ સાથે બીડવાના રહેશે.

જિલ્લા મૂલ્યાંકન સમિતિ દ્વારા મૂલ્યાંકન થયા બાદ જે જમીનની કિંમત રૂ. ૫૦ લાખથી વધતી હોય તેવા પ્રકરણો જિલ્લા મૂલ્યાંકન સમિતિએ કરેલ મૂલ્યાંકન મુખ્ય નગર નિયોજકના અભિપ્રાય માટે રજુ કરવાના રહેશે. આ માટે જિલ્લા કક્ષાની મૂલ્યાંકન સમિતિની કાર્યવાહી પુરી થયા બાદ સબંધિત કલેક્ટરે પ્રકરણ સરકારમાં મોકલી આપવાનું રહેશે. મુખ્ય નગર નિયોજક દ્વારા વિભાગમાં રજુ થયેલ મૂલ્યાંકન અહેવાલ રાજ્ય સરકાર દ્વારા ગઠીત રાજ્ય કક્ષાની મૂલ્યાંકન સમિતિમાં રજુ કરવાનું રહેશે.

નગરપાલિકામાં નિહિત થયેલ જંગમ અથવા સ્થાવર મિલકત વેચાણ ભાડા પેટે કે અન્ય કોઈ રીતે તબદીલીથી આપવાના પ્રસંગે ઉપરોક્ત સૂચનાનું અચુક પાલન કરવા તેમજ જમીન દુકાનો શોપીંગ સેન્ટર વગેરેનું મૂલ્યાંકન કરતી વખતે રાજ્ય સરકારે આપેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા નગરપાલિકાઓને જણાવવામાં આવ્યું છે.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જિન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com